| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૦૪/૧૧/૨૦૨૩ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**પી.સી.બી.:-**

## અમદાવાદ શહેરના ઓઢવ તેમજ રખિયાલ વિસ્તારમાં 'ઢોર પાર્ટી' ઉપર હુમલો કરનાર બે ઈસમો વિરુધ્ધ 'પાસા' હેઠળ કાર્યવાહી

અમદાવાદ શહેરના જાહેર માર્ગો ઉપર રખડતા પશુઓને પકડવા ગયેલ મ્યુનિ.કોર્પોરેશન ની ઢોર પાર્ટી તેમજ તેમની સાથે રહેલ કર્મચારીઓ ઉપર ઝનુની તેમજ ગુનાહિત માનસ ધરાવતા ઈસમો દ્વારા ગેરકાયદેસરની મંડળી રચી લાકડીઓ વડે માર મારી ઈજા કરી સરકારી કર્મચારીઓ ની કાયદેસરની ફરજમા બાધારુપ બનેલ હતા જે બનાવો અનુસંધાને આરોપીઓ વિરુધ્ધમાં ઓઢવ તેમજ રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમા ગુનાઓ દાખલ થયેલ હતા.

આવા બનાવોની અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવેલ અને 'ઢોર પાર્ટી' ઉપર હુમલો કરનારા આરોપીઓ પૈકી આરોપીઓ નામે (૧) ચેહોરભાઈ તેજાભાઈ દેસાઈ ઉ.વ.૨૪ રહેવાસી- મ.ન.૧૫૫ અમરનગર સોસાયટી, ફાયર સ્ટેશન સામે, ઓઢવ, અમદાવાદ તથા (૨) મોહમંદ રિઝવાન મોહમંદ ઈકબાલ અંસારી ઉ.વ.૨૮ રહેવાસી- ૯૭, આમેના પાર્ક ફતેહવાડી, જુહાપુરા, અમદાવાદ તથા સંજયનગર ના છાપરા રખિયાલ અમદાવાદ નાઓએ ફરજ પરના જાહેર માર્ગો ઉપર રખડતા પશુઓને પકડવા ગયેલ મ્યુનિ.કોર્પોરેશન ની ઢોર પાર્ટી તેમજ તેમની સાથે રહેલ કર્મચારીઓ ઉપર કરેલ હુમલા અનુસંધાને તેઓની ભયજનક પ્રવૃતિને ડામી દેવા "પાસા" હેઠળ હુકમો જારી કરી તેઓને રાજ્યની ભુજ તથા વડોદરા જેલ ખાતે મોકલી આપેલ છે. આ સિવાય અન્ય આરોપીઓ વિરુધ્ધમા યોગ્ય અટકાયતી પગલા લેવાની કાર્યવાહી ચાલુ છે.

## **નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૪૫ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## **ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૦/૨૦૨૩**

**માધવપુરાઃ** દીપકભાઇ જગદીશભાઇ ગુરનાની (રહે.ઇસ્કોન પ્લેટીના બોપલ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૨/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન દુધેશ્વર સુમેલ-૦૬ ખાતે આવેલ ઓફીસ નંબર-એ/૪૨૮, એ/૪૨૯ અને એ/૪૦૧ અલગ-અલગ ઓફીસોના બાથરૂમની કાચની બારીના કાચ ખોલી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, મેનેજર ચેમ્બર્સમાં ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧૦,૩૨,૦૦૦/- તેમજ બાજુમાં આવેલ સાહેદની ઓફીસ નંબર-એ/૪૦૧ માંથી રોકડ રૂપિયા ૯૫,૦૦૦/- અને ઓફીસ નં-એ/૪૨૯ માંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રોકડ રૂપિયા ૧૧,૬૨,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આઇ.એન.ઘાસુરા ચલાવે છે.

**નરોડાઃ** લક્ષ્મીબહેન વા/ઓ સોનુભાઇ બઘેલ (રહે. મહાદેવ રેસીડેન્સી સ્વામિનારાયણ પાર્ક સામે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૧૧/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

## **સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૧/૨૦૨૩**

**ઓઢવઃ** હેમલતાબહેન પારસભાઇ જૈન (ઉ.વ.૫૩) (રહે. રાજરત્ન સોસાયટી રાજેન્દ્રપાર્ક રોડ ઓઢવ) તા.૦૩/૧૧/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હેમલતાબહેન જૈનના ગળામાંથી સોનાની ચેઈન નંગ-૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હેમલતાબહેન જૈન એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**છઠ્ઠા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૨/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** સોલા ક્રોમા સેન્ટરની બાજુમા વેરીટાસ નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા અસ્મિતાબહેન ડો/ઓ રમેશભાઇ ડામોર (ઉ.વ.૧૯) (મૂળ વતન. ગામ-ખરોદા, તા.જી.દાહોદ) તા.03/૧૧/૨૦૨૩ રાતના ૧/00 વાગ્યાના સુમારે સાઇટના છઠ્ઠા માળના લિફ્ટની ખુલ્લી જગ્યામાંથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અજયભાઇ કનુજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૩/૨૦૨૩**

**મેઘાણીનગરઃ** પ્રતાપસિંહ મનોહરસિંહ શેખાવત (ઉ.વ.૨૦) (રહે. જય ખોડીયારનગર કુંભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.03/૧૧/૨૦૨૩ સવારના ૫/00 થી ૭/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ધાબાની દિવાલમા લાગેલ લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જ્યંતીલાલ ચલાવે છે.

**રામોલઃ** જયેન્દ્રકુમાર કેશવલાલ પટેલ (ઉ.વ.૪૪) (રહે. નરનારાયણ સોસાયટી નિલકંઠ સોસાયટીની બાજુમાં મહાદેવનગર વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.0૨/૧૧/૨૦૨૩ રાતના ૧0/00 વાગ્યા પહેલા પોતાના ઘરે માળીયાના દરવાજાના હેન્ડલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી